Children's
RESEARCH UNIVERSITY

ચિ.યુ./એકેડેમિક/૨૦૨૪/૧૨૩ તા. ૨૩/૧૦/૨૦૨૪

## વિદ્યાર્થી જોગ

## પીએચ.ડી. પ્રવેશ-૨૦૨૪ બાબતનો ખાસ અગત્યનો પરિપત્ર

આથી પીએચ.ડી. પ્રવેશ-૨૦૨૪ માટે GCAS દ્વારા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે પ્રવેશ લેવા માંગતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, જેઓ ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૨૪માં લેવાયેલ UGC NETની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય અને તે અંગેનું પ્રમાણપત્ર યુનિવર્સિટીને રજૂ કરશે તો તેઓને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની પ્રવેશ-પરીક્ષા (CRU-PET) અને ફીમાંથી મુક્તિ આપવામાં આવશે.

વધુમાં, જે વિદ્યાર્થીઓએ પીએચ.ડી. માટે એકથી વધુ વિષયો માટે ફોર્મ ભરેલાં છે તેઓને ગમે તે એક જ વિષયની પ્રવેશ-પરીક્ષામાં બેસવા દેવામાં આવશે જેની તમામે ખાસ નોંધ લેવી. જે વિદ્યાર્થીઓએ એકથી વધુ વિષય માટે ઉમેદવારી નોંધાવેલ છે અને ફી ભરેલ છે તેઓએ લેખિતમાં કોઈ એક વિષય-પસંદગીની જાણ ઈમેઈલ દ્વારા યુનિવર્સિટીને કરવાની રહેશે. (આવા વિદ્યાર્થીઓને વધારાના વિષયની ફી ભરેલ હશે તો તે પરત મળવાપાત્ર છે.)

કુલસચિવ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર

Subhash Chandra Bose Shikshan Sankul, Nr. Rajbhavan, CHH Road, Sector-20, Gandhinagar-382021
Ph. 079-23244576 www.cugujarat.ac.in